ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ અંતર્ગત અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ ( State Advisory Board on Disability )માં સભ્યોની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૭/૨૮૧૬૫૫/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૫/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૭/૦૫/૨૦૧૭ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૭/૦૫/૨૦૧૭ ના ઠરાવથી ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ ની કલમ-૬૬ થી ૭૧ અને ૭૩ની જોગવાઈ અનુસાર રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)ની રચના કરવામાં આવેલ છે. આ બોર્ડમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૭/૦૫/૨૦૧૭ ના ઠરાવના મુદ્દા નં.૫ માં ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ ની કલમ-૬૬(૨)(ઈ)(i) ની જોગવાઈ અનુસાર અશકતતા અને પુન: સ્થાપન ક્ષેત્રે સંકળાયેલ પાંચ બિનસરકારી સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ હતી. આ પાંચ સભ્યોની મુદત તા.૧૭/૦૫/૨૦૨૦ ના રોજ પૂર્ણ થયેલ હતી, જેથી આ બોર્ડમાં ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ ની કલમ-૬૬(૨)(ઈ)(i) ની જોગવાઈ અનુસાર અશકતતા અને પુન:સ્થાપન ક્ષેત્રે નિષ્ણાંત સભ્યશ્રીઓની નિમણૂંક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ અંતર્ગત અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)માં ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ ની કલમ-૬૬(૨)(ઈ)(i) ની જોગવાઈ અનુસાર અશકતતા અને પુન:સ્થાપન ક્ષેત્રે નીચે મુજબના ચાર નિષ્ણાંત બિન સરકારી સભ્યશ્રીઓની આથી નિમણૂંક કરવામાં આવે છે.

| ક્રમ | નામ અને સરનામું | બોર્ડમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ. માનસેતા, ઈએનટી સર્જન, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬. | સભ્યશ્રી |
| ૨ | શ્રી કનુભાઈ ટેલર, પ્રમુખશ્રી, ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા, સાંઈ સમર્થન સોસાયટી પાસે, શરદ યતન સ્કુલની પાછળ, ઉમરા, જી. સુરત. | સભ્યશ્રી |
| ૩ | શ્રીમતી નંદિની મુંશા, પ્રમુખશ્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ. | સભ્યશ્રી |
| ૪ | શ્રીમતી રમીલાબેન દેસાઈ, સંગના સોસાયટી, બંગલા નં. ૩૭, નવયુગ કોલેજની પાછળ, રાંદેર રોડ, સુરત. | સભ્યશ્રી |

ઉક્ત બિનસરકારી સભ્યોની અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)માં મુદ્દત ત્રણ વર્ષની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patel D.C.

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ઉક્ત નિમણૂંક પામેલ ચાર બિનસરકારી સભ્યશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)ના અન્ય તમામ બિનસરકારી સભ્યશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઇલ.